ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

બે ચાર છાંટાથી છીપે, એવી નથી તરસ.
તારે વરસવું હોય તો આકાશ મન મૂકી વરસ.
- પુરૂરાજ જોષી

### પાથેય

- રમેશ ઠક્કર

## ગમતી વાત...

કોઈપણ કામ કરવાનો એક ઉમંગ હોય છે એ આપોઆપ પ્રગટે છે.ઘણીવાર એને રીચાર્જ કરવો પડે છે.મોટાભાગે માણસ જે કંઇ કામ કરે છે એમાં એના મનની પ્રસન્નતા મહત્વનું પરિબળ છે.'આજે તો કામ કરવાનો મૂડ જ નથી.' કે 'મૂડ વગરના કામમાં ભલીવાર ના હોય.',આવું આપણે અવારનવાર સાંભળતા હોઈએ છીએ..આ મનોભાવ વિશે જાણવું પણ જરૂરી છે

સરેરાશ માણસની પ્રસન્નતા (મુડ માટેનો ગુજરાતી શબ્દ) મોટા ભાગે કોઈ ભૌતિક પ્રાપ્તિ કે મનગમતી કોઇ વ્યકિત મળી જાય..કોઈ દુન્યવી સફળતા મળી જાય એમાં હોય છે..એ આ બધાની ઉપલબ્ધિ માટે મથે છે..પુરૂષાર્થ કરે છે..તીવ્ર સ્પર્ધામાં જોડાય છે..એના માપદંડો હોય છે..કોઈ ક્રિયેટીલ માણસ કેવકલાકાર માટે આ બધા ઉપરાંત ઘણું બધું હોય છે ઝંકૃત થવા માટે..

દરેક વ્યકિત,કલાકાર કે સર્જકનું પોતાનું એક ભાવવિશ્વ હોય છે... ઘણીવાર આપણને સામાન્ય લાગતી ઘટના ઉપર સર્જક દ્રવી ઉઠતો જોવા મળે છે..આપણા સુખની શરતો હોય છે..એની આપણને ખબર પણ હોય છે..કલાકાર મોટા ભાગે બિનશરતી સુખની શોધમાં હોય છે..એના કારણે એક બેચેની એના મનોજગતમાં છવાયેલી હોય છે..આ અજંપો જ આમ જોઈએ તો એનો ખોરાક બની જાય છે..એની પ્રેરણા બની જાય છે..

સર્જક સદા વિહવળ હોય છે..એનાં સમાધાન સરેરાશ માણસો જેવાં સીધાંસાદાં નથી હોતાં..રાવજી પટેલ જેવા કવિને નોકરીના પગાર કરતાં પોતે જયાં કામ કરે છે એ અખબારના માલિક એને ઓળખે જ નહીં એ વાતનો આઘાત લાગે છે..અને એ નોકરી છોડી દે છે..સામાન્ય નોકરિયાતને આવી પળોજણ હોતી નથી..એને આમાં કશું જ એવું આઘાતજનક લાગતું નથી..જે ઘટના કવિને ઉપરતળે કરી નાખે છે એ જ બનાવ અન્ય માટે કાયમી અનુભવ જેવી હોય છે..

એક સરસ ગીત છે કે આપણે તો એટલામાં રાજી..કવિ એક ફૂટતી કુંપળ જોઇને ગદગદ થઈ જાય છે..આપણી સામે તો આખું વૃક્ષ ફેલાઈને ઉભું હોય તો પણ કોઈ સ્પંદન થતું નથી..કવિનો મિજાજ એવો હોય છે કે જગતની ઘટનાઓ એને વિચલિત કરતી નથી એ આસાનીથી કહી શકે છે કે અમને શો ફર્ક પડે બોલો ? આપણે જે ઘટનાઓથી ધરાશયી થઈ જઈએ એવા પ્રસંગો એમને માટે સર્જનની ઉત્તમ પળો બની જાય છે..

ગમતી વાત એ દરેકની પોતાની ઓળખ જેવી બાબત છે..નિજાનંદે લખતા લેખકો માટે એ શોખ છે..વ્યવસાયી સર્જકો માટે મુડ એ લકઝરી સમાન છે..આમ છતાં આ બાબતે એનું વલણ સાવ સામાન્ય માણસ જેવું તો નથી જ હોતું..ઘણાને કલ્પનાઓ થકી પ્રેરણા મળે છે..કેટલાક પાસે જીવંત પ્રેરણા પણ હોય છે..ઘણા માણસભૂખ્યા હોય છે..ઘણાને વખાણ સાંભળવાથી કે ઈનામ અકરામ મેળવવાથી જોમ આવે છે..ઘણા સર્જકો અવહેલના કે અપમાન પછી પડકારની રીતે બરાબર ખીલે છે...આમ જોઈએ તો સર્જક એ માણસ જ છે..પણ કશુંક એવું અલગ છે જે એને ધક્કો આપી જાય છે..લાગણીનો તીવ્ર તલસાટ એના ચિત્તતંત્રનો એક કાયમી ભાવ હોય છે...

# ફાયર સેફ્ટી અંગે અદાલતનો આદેશ કાબિલેદાદ

**તંત્રીસ્થાનેથી...**

એટલું તો કબૂલવું જ રહ્યું કે તંત્ર પર હજી અદાલતોનાં નિરીક્ષણ અને આદેશ અસરકારક રહ્યાં છે. અદાલતો કોઈની શેહમાં આવ્યા વગર લોકહિતમાં જ નિરીક્ષણો કરે છે, સિવાય કે કેન્દ્ર દ્વારા અપેક્ષિત ચુકાદાઓના ઐતિહાસિક અપવાદોમાં એમનું વલણ સત્તાધીશોની ઈચ્છા અનુરુપ રહ્યું હોય તો બનવાજોગ છે. હમણાં ગુજરાત હાઈકોર્ટમાં થયેલ નિરીક્ષણ અદાલતને જનસાધારણની સલામતીમાં કેટલો ઊંડો રસ છે અને એ અંગે તે કેવી ચિંતા સેવે છે એનું ઝળહળતું ઉદાહરણ છે. ફાયર સેફ્ટીના 'એનઓસી' વગરની ઈકોત્તેર હોસ્પિટલોને માત્ર ઓપીડી જ ચલાવવાની છૂટ હોવી જોઈએ - એવા આદેશ બદલ અદાલતને સો સો સલામો જ કરવી રહી. કોરોના કાળ દરમિયાન અમદાવાદની શ્રેય હોસ્પિટલ સહિત રાજયની બીજી કેટલીક હોસ્પિટલોમાં આગ લાગી હતી. દરદીઓ કે જે સવારે તો પોતાના ઘરફે જવાનાં સપનાં સેવતાં હતાં તે જીવતાં ભૂંજાયાં હતા. આવી કરુણાંતિકાઓ પછી પણ નગરપાલિકાઓ ફાયર સેફ્ટી અંગે નઘરોળ બેદરકારી સેવતી રહે અને હોસ્પિટલો ટંકશાળ પાડતી રહે તે કેટલું ઉચિત લેખાય ? હાઈકોર્ટે તોબડતોબ આવી હોસ્પિટલો ઉપરાંત શાળાઓ માટે ફાયર સેફ્ટીની ચોકસાઈ કરી વહેલી તકે એનઓસી મેળવી લેવાની તાકીદ કરી છે તે કાબિલેદાદ છે. જયાં સુધી એનઓસી ન મળે ત્યાં સુધી આવી હોસ્પિટલો ફક્ત ઓપીડી જ ચલાવી શકશે અને દરદીઓને 'ઈનડોર' નહીં રાખી શકે. એથી અલબત્ત, અંદરના દરદી તરીકે સારવાર લેવા પાત્ર દરદીઓને થોડી મુશ્કેલી જરૂર પડશે પણ સુરક્ષા મુદ્દે હોસ્પિટલ સંચાલકો વધુ સતર્ક બની વહેલી તકે એમની હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી માટે જરૂરી સંસાધનો વસાવી શકશે. અદાલતે કરેલી દલીલ તદ્દન વાજબી છે. ઓપરેશન થિયેટરમાં એપેન્ડિક્સ કે હર્નિયાનું ઓપરેશન ચાલતું હોય અને અચાનક આગ ફાટી નીકળશે તો ડૉકટર પોતાની જાતને બચાવશે કે દરદીને ? એ જ રીતે કોઈ શાળાના ચોથા પાંચમા માળે આગ લાગશે તો મૂંઝાઈ ગયેલાં બાળકો સીધું જ પડતું મૂકવા પ્રેરાય એમ પણ બને. આથી આવી હોસ્પિટલો અને શાળાઓ તો દરદી કે વિદ્યાર્થીઓના માથે લટકતી તલવારો જેવી જ ગણાવી જોઈએ. રાજય સરકારે આ અંગે કઠોર અને ત્વરિત કાર્યવાહી કરી ફાયરસેફ્ટીની તાબડતોબ વ્યવસ્થા ઊભી કરાવવી જોઈએ. અદાલતના આદેશ વગર આટલા લાંબા સમયથી વધુ લોલેલોલ ચાલતું રહ્યું તે માત્ર નગરપાલિકાઓ માટે જ નહીં, રાજય સરકાર માટે પણ શરમજનક બાબત ગણાવી જોઈએ. આશા રાખીએ કે અદાલતનો આદેશ અક્ષરશઃ પાળીને સરકાર આ મુદ્દે ગંભીર વલણ અપનાવશે. બાકી મોટે ભાગે તો 'તૂ કહેતા ભલા, મૈં સુનતા ભલા' વાળી રેઢિયાળ રાજનીતિ જ આપણા નેતાઓને સદી ગયેલી છે એ પણ કોણ નથી જાણતું ? અગ્નિકાંડમાં હોમાઈ ગયેલા જીવો તો ગયા. પણ એ જ માટે જવાબદાર લોકો - તંત્ર અને સંચાલકો સામે કેટલાં પગલાં ભરાયાં ?

# સ્વભાવમાં સ્વ-ભાવ હોય તો પ્રતિભાવ પણ સારા જ મળે

**લાગણીનો મેળો** — રસિક વાળંદ



કદાચ મનુષ્ય માટે
ખુદાને પહેલેથી જ નફરત હશે....
નહીં તો એણે
પ્રકૃતિને જે રીતની જવાની આપી છે
એ રીતની મનુષ્યોને પણ આપી હોત.
વર્ષે વર્ષે વસંત આવે છે,
જૂનાં પત્તાં ખરીને નવા ફૂટે છે,
નવી કૂંપળો નવાં ફૂલો આવે છે,
નદીમાં નવું પાણી આવે છે...
આખી સૃષ્ટિમાં વસંતનો નવો શ્વાસ ધબકે છે
અને ધીરે ધીરે બંધ થઈ જાય છે,
બીજે વર્ષે આવવા માટે.
દર વર્ષે વસંત આવશે
સૃષ્ટિનો અંત સુધી
માણસને પણ ઈશ્વરે મૃત્યુ સુધી
વર્ષે વર્ષે વસંત આપી હોત તો?

- ચંદ્રકાન્ત બક્ષી

●●●

આજકાલ વાતાવરણ નિર અણધાર્યું પલટાવા માંડ્યુ છે.... હમણાં મારા એક સાથી મિત્રને પૂછ્યું : 'આપણી ઋતુઓ કઈ ?' પ્રત્યુત્તરમાં તેઓ મૌન રહ્યા... જો કે મોસમે પણ એના રંગ-ઢંગને મિજાજ બદલ્યાં છે, હવે શિયાળો, ઉનાળો કે ચોમાસા જેવું ક્યાં રહ્યું છે ! શિયાળામાં વરસાદ ખાબકે ને ચોમાસામાં કાળઝાળ ઉનાળો...! એમાં આપણી પેલી-શિશિર, વસંત, ગ્રીષ્મ, શરદ ને હેમંત - તો યાદ આવે જ ક્યાંથી ?!

જરા, કો'કને પૂછી જોજો... 'અત્યારે કંઈ ઋતુ ચાલે છે ?' ઘણાં માથું ખંજવાળશે... હા, વસંત પંચમી તો હમણાં ગઈ એ તો સૌ કોઈ જાણે.... કારણ અઢળખ લગ્નોને લીધે... વણજોયું મુર્હૂત એટલે... બાકી ઋતુરાજ વસંતનો વૈભવ તો કયાં કોઈને દેખાય જ છે. સાચે જ માનવજાત ઈન્દ્રિયજડ થતી જાય છે... સિમેન્ટનાં જંગલો વિસ્તરતા જાય છે.

દોસ્તો, આપણે ત્યાં માણસ પૈસે ટકે બે પાંદડે થાય ત્યારે બધાં કહે છે કે એના જીવનમાં વસંત આવી... અને દ્રવ્ય ઓછું થાય એટલે લોકો કહેવાના એના જીવનમાં પાનખર બેઠી.... આ જ બતાવે છે કે વસંત એટલે સમૃદ્ધિ. વસંત એટલે સૃષ્ટિનું યૌવન. નિસર્ગનું અનુપમ માધુર્ય નીરખવા માનવને કદાચ બે આંખ ઓછી પડતી હશે અને તેથી એ માધુર્યને મનભર માણવાની ઈચ્છાથી મનુષ્ય પરણીને બીજી બે આંખો પોતાની બનાવતો હશે... મહા સુદ પાંચમ - વસંત પંચમીએ વસંત પ્રવૃત્ત થાય... એટલે જ પેલી બે આંખો માટે લગ્નસરો જામતો હશે !!

ગીતાકારે પણ 'ઋતુનાં કુસુમાકરઃ' કહીને વસંતને પોતાની વિભૂતિ તરીકે બિરદાવ્યો છે. ખેડૂતો કહેતા હોય છે, 'મહા મેલો ને ચૈત્ર ચોખ્ખો' અર્થાત્ મહામાસમાં વાદળો હોય અને ચૈત્ર નિરભ્ર હોય એ સારા ચોમાસાનો વર્તારો ગણાય છે. આપણાં ઋતુ કાવ્યોમાં વસંત ખૂબ વખણાયો છે.

વસંત પંચમીએ એટલે મા શારદાનો પ્રાકટયોત્સવ. વેદકાળમાં આ દિવસે વિદ્યારંભ થતો. મારે મન તો કલમ આરાધનાનું પર્વ.... વસંત એ તો પ્રકૃતિનો મહોત્સવ.... આપણું ય જીન 'પર્વ' બને એ સૂચવે છે. વસંતમાં નિસર્ગ ખીલે અને ખુલે.... શિક્ષણ પણ આપણને ખીલતાં અને ખુલતાં શીખવે છે. શિક્ષક એ તો માળી છે, એના શાળાબાગમાં શાશ્વત વસંત જ હોય. શાળા બાગ વિદ્યાર્થીઓના ખિલખિલાટથી ગુંજતો હોય છે. શિક્ષક તો 'જગતગુરુ શ્રીકૃષ્ણ'ની પ્રતિકૃતિ.... જે પોતાના વિદ્યાર્થીઓને 'સ્વ-ધર્મ' શીખવે... નીરક્ષીર વિવેક જગવે.... જીવનજંગમાં નિરુત્સાહ થયેલામાં નવું જોમ ભરે.... ઝઝૂમતાં શીખવે... વસંત તો કહે છે, મુશ્કેલી રુપી પાનખરથી ગભરાશો નહીં શિશિર તો વસંતની પુરોગામી હોય છે. ખુલવું - ખીલવું ને ખરવું આ નિયતિને સ્વીકારી હોંશે હોંશે જીવવાનું !

વિદ્યાવ્યાસંગી શિક્ષક જ વિદ્યાર્થીના જીવનમા વસંત લાવે. એના સાનિધ્યમાં વિદ્યાર્થીને ખુલવાની - ને ખીલવાની તક સાંપડતી હોય. વિદ્યાર્થીઓના જીવનમાં નાવિન્ય અને વૈવિધ્યના રંગો ભરે... જીવન ઉત્સાહ ભરે એ જ શ્રેષ્ઠ શિક્ષક! એક આદર્શ જીવન જ બીજા જીવનને કેળવી શકે. કોરોનાકાળમાં ઓનલાઈન શિક્ષણના ઢોળ પીટ્યા પણ એની વિઘાતક અસરો આપણી આંખ ખોલનારી છે. શિક્ષણમાં પાવરફુલ ગણાતી ટેકનોલોજી વામણી પુરવાર થઈ. ઓનલાઈન શિક્ષણે શિક્ષકનું મહત્ત્વ અને મોભો સ્પષ્ટ કરી દીધો....એ સૌ સારી રીતે જાણી છે.

મિત્રો, આપણા સૌનો સ્વાનુભવ છે કે શિક્ષક ગમતા હોય છે એમનો વિષય પણ ગમતો જ હોય છે. શિક્ષક બચ્છટ અને ખડૂસ ન હોય એ તો સ્નેહાળ, શાલીન ને જ્ઞાનવૃદ્ધ હોવો ઘટે ! એની વાણી અને સ્મિત સંજીવની હોય... આવા ગુરુજનો જેમને જેમને મળ્યા એ સૌ 'મહાભાગા...!'

નિસર્ગની વાચા વસંત અને વાણીની દેવી મા શારદાને વંદન...!!!

સ્પર્શમણિ :

સ્વભાવમાં સ્વ-ભાવ હોય તો પ્રતિભાવ પણ સારા જ મળે.

●●●

જરાક જ જુદી રીતે જીવવાની ભીડ, ઘોંઘાટ અને માથાકૂટથી આબાદ બચી જવાય છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### દિન મહિમા

- ૧૯૩૩માં આ જ દિવસથી વિશ્વવિખ્યાત સાપ્તાહિક ન્યૂઝવીકનું પ્રકાશન શરૂ થયું હતું. અમેરિકાથી પ્રકાશિત થતું આ સામયિક એના પત્રકારત્વ માટે જગતભરમાં જાણીતું છે.
- નેશનલ કાફે ડે
- પરફ્યુમ ડે
- નેશનલ કોબી ડે

### આજનું ઔષધ

- તાજા પપૈયાનું દૂધ દાદર કે દરાજ પર લગાડવાથી તે મટે છે.

### ખડખડાટ

- રીંકુ : તને ખબર છે પીકું, આઈ એમ ગોઈંગનો અર્થ શું થાય ?
પીકું : હું જાઉં છું.
રીંકુ : અરે,પહેલાં આનો અર્થ તો કહેતો જા...

### આજનો વોટ્સએપ

- ચિંતાથી મોટો કોઈ વાયરસ નથી અને વિશ્વાસથી મોટી કોઈ વેક્સિન નથી.

# એક નાનું બાળક ઘાંટા પાડીને રડી રહ્યું હતું

**સ-રસ** — મમતા બુચ



સમી સાંજનો સમય હતો. નાનકડા ગામની એ નાનકડી સોસાયટીની બહાર આવેલાં ઝૂપડાંઓમાંથી શોર-બકોર સંભળાઈ રહ્યો હતો. જોરાવરસિંહ રાજપૂતનું મકાન છેવાડાનું એટલે એમને એ જરા વધારે સંભળાઈ રહ્યો હતો.

જોરાવરસિંહ બહાર નીકળીને એ બાજુ ગયા. એક નાનું બાળક ઘાંટા પાડીને રડી રહ્યું હતું. અને એની મા એને ક્યારેક ધમકાવીને તો ક્યારેક પોતે રડતાં-રડતાં શાંત પાડી રહી હતી. અને બાપ લાચાર સાદે બંનેને સમજાવી રહ્યો હતો.

જોરાવરસિંહે નજીક જઈને પૂછ્યું, "શું છે? શેનો આ બધો કકળાટ છે?" બાપ બોલ્યો, "જુઓ ને સાયેબ, આ ભીમો જીદ લઈને બેઠો સે. આજે એને લાપસી ખાવાના ઓરતા જાગ્યા સે. કોઈક અમીર બાળક ભેગો રમી આવ્યો હશે એટલે એણે આજે જે ખાધું હશે ઈ આને પણ ખાવું સે. હવે એને કોણ સમજાવે કે એના ઘરમાં રોજ લાપસી બને તો ય વાંધો આવે એમ નથ પણ મારા ઝૂપડાંમાં એટલું ઘી ને ઘઉં ક્યાંથી લાવવાં?"

જોરાવરસિંહ બોલ્યા, "એને રોવડાવો નહીં. મારા પાસેથી પૈસા લઈ જાવ ને થોડે દૂર બજારમાં કરિયાણાની દુકાન છે ત્યાંથી બધું લઈ આવો ને એને લાપસી ખવડાવો."

બાપ રાજી થઈ ગયો. પણ બીજી ક્ષણે એ વિચારમાં પડી ગયો. "સાયેબ, તમારા ઘરેથી પૈસા લઈને બજારમાં પહોંચીશ અને પાછો ફરીશ તઈ તો રાત પડી જાશે ને આ ભીમો રોઈ-રોઈને અડધો થઈ જાશે."

જોરાવરસિંહ બોલ્યા, "એ તો આમે ય રડવાનો છે. મારું વાહન ખોટકાઈને પડ્યું છે નહીં તો હું જ તમને લઈ જાત."

બાપ બોલ્યો, "વાંધો નઈ સાયેબ, આટલી મહેરબાની કરો સો ઈ પણ ઓછું નથ." જોરાવરસિંહ પાસેથી પૈસા લઈને બાપ બજારે જવા રવાના થયો. ભીમાના ભેંકડા હજી ચાલુ જ હતા. જોરાવરસિંહ પોતાના ઘર તરફ વળ્યા.

બાપને બજારેથી આવતાં બહુ વાર લાગી. ભીમો રોઈ-રોઈને અડધો થઈ ગયો. જોરાવરસિંહના ઘરનું બારણું ખખડયું. જોરાવરસિંહે જોયું તો ભીમાની મા ઊભી હતી. એની આંખમાં ભીમાના બાપની તપાસ કરવા માટેની આજીજી વંચાતી હતી. હવે જોરાવરસિંહ પોતે બજાર તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં દૂરથી ભીમાનો બાપ આવતો કળાયો.

એની પાસે બધો સામાન હતો તે ભીમાની માને આપીને એ બોલ્યો, "લે, હવે ઝટ આને લાપસી બનાવી દે." મા અંદર દોડી ગઈ.

જોરાવરસિંહ સ્હેજ ઊંચા અવાજે બોલ્યા, "કેમ ભાઈ, તને ખબર નથી પડતી? તારી આટલી રાહ જોવાતી હતી અહીં! આ છોકરો રોઈ-રોઈને મરી જાત."

એ બોલ્યો, "એટલે તો દોડતો આવ્યો." જોરાવરસિંહ બોલ્યા, "પણ આટલી બધી વાર?" એ બોલ્યો, "લાલચંદ દુકાન બંધ કરીને પાછો વળતો 'તો. કેટલીય કાકલૂદી કરી પણ માનતો જ નોહ્નતો." એટલામાં જોરાવરસિંહે જોયું કે ભીમાના બાપની પાછળથી કોઈક હતાશ પગલે આવી રહ્યું હતું. પાસેની સ્ટ્રીટ-લાઈટના અજવાળામાં આકૃતિ સ્પષ્ટ થઈ.

જોરાવરસિંહ બે ઘડી પોતાની આંખો પર વિશ્વાસ ન કરી શક્યા. એ ભીમાનો બાપ હતો! એનું ધ્યાન સામે ઉભેલા જોરાવરસિંહ પર હતું. નિરાશ વદને એ બોલ્યો, "સાયેબ, લાલચંદ બહુ ખરાબ માણસ! દુકાન બંધ કરીને પાછો ફરતો 'તો ત્યાં હું પહોંચી ગ્યો. બહુ પગ પકડ્યા પણ દુકાન ન ખોલી તે ન જ ખોલી. આખરે હું પાછો ફર્યો. છેક અહીં પહોંચવા આવ્યો ત્યારે મગન રસ્તામાં મળ્યો. બોલ્યો કે લાલચંદની દુકાનનાં તાળાં હમણાં તૂટ્યાં. અત્યારે તો લોક લૂંટ મચાવે છે ત્યાં!" એટલું બોલીને નિરાશ વદને એ પોતાની ઝૂંપડીમાં સરકી ગયો.

જોરાવરસિંહ સ્તબ્ધ થઈ ગયા. તો પછી આ લાપસીનો સામાન લાવ્યો... તે કોણ? સમજી તો ગયા પણ રાજપૂતનો દીકરો થડક્યા વગર બોલ્યો, "તો પછી...તું?" સામેથી જવાબ મળ્યો, "હા, ભૂત છું. લાલચંદની આડોડાઈનો શિકાર હું પણ થ્યો 'તો. સાયેબ, તમને તમારા ઘરની સામે આવેલા ઝૂંપડાની ખબર સે. ઈ સિવાય બીજાં ઘણાં બધાં ઝૂંપડાં ન્યાં સે. એમાં ઘણા ભીમા રહે સે ને ઈ હંધા ય ને લાપસી ખાવી હોય સે."

જોરાવરસિંહ એની સામે તાકી રહ્યા. એ અતીત વાગોળતો હોય એમ બોલ્યો, "સાયેબ, મારે પણ એક નાનકો હતો. એણે એક દિ' જીદ કરી. એને મોંઘા મૂલની રમકડાંની મોટર લેવી 'તી. મેં એને ઘણું સમજાવ્યો કે ઈ અમીરોને ફંદે નો ચડાય. પણ છોકરું તો છોકરું સે ને સાયેબ! નો માન્યું. ઈ જેની ભેળો રમતો 'તો એણે નાનકાને મોટર રમવા આપી એમાં તો એના બાપે એને એટલો ધમકાવ્યો કે ઈ બાપડો રમવા આવતો જ બંધ થઈ ગ્યો. પછી તો નાનકો જે રોવે ચડ્યો તે કેમે કરીને બંધ જ નો થાય. મા તો એને પેહ્લલેથી નોહ્લતી. એટલે એને કોણ ફોસલાવે? એને ફોસલાવવા હાટુ એને ભાવતું બનાવી દેવા વસ્તુઓ લેવા હું લાલચંદની દુકાને ગ્યો. પણ ઈ તો લૂંટારો જ છે ને! મેં એને ઘણી ય આજીજી કરી, મારી પાસે હતા એટલા પૈસા ધરી દીધા પણ એના દિલમાં જરીકે દયા ન મળે. બધી વસ્તુના બે ગણા પૈસા લેનારા ઈ રાક્ષસને માટે પૈસો જ પરમેશ્વર છે. મેં કીધું કે તમારે ત્યાં મજૂરી કરીને પણ હું તમારા પૈસા ચૂક્વી દઈશ પણ ઊલટાનું એણે તો મને "ગળેપડુ" કહીને ઝઘડો કર્યો અને મને પોલીસને સોંપી દીધો. ને ઈ બધા ઝમેલામાંથી છૂટીને હું મારી ઝૂંપડીમાં પહોંચ્યો ત્યાં સુધીમાં નાનકો રોઈ-રોઈને બિમાર થઈ ગયો હતો."

એના ચહેરા ઉપર ભારોભાર દુઃખ છવાઈ ગયું, "ને ઈ પછી મારો નાનકો કોઈ દિ' ઊભો નો થ્યો. મારી બાજુના ઝૂંપડામાં રેહ્લતો ઈ પશો કેહ્લતો 'તો કે નાનકો "બાપુ ક્યારે આવશે"નું રટણ કર્યા કરતો 'તો. ઈ પછી તો નાનકાના બાપને ય જીવીને સું કામ હતું?"

અચાનક એના મોંઢા ઉપર રોષ ભભૂકયો, "તમે સું માનો સો સાયેબ, લાલચંદની દુકાનનાં તાળાં કોણે તોડ્યાં? એની દુકાનની વસ્તુઓની લૂંટ થાતી જોઈને ઈ માથે હાથ દઈને જે રોતો 'તો.....હવે મારા જીવને શાંતિ થાશે. ભીમાના બાપને મારે ભૂત નોહ્લતો થાવા દેવો."

જોરાવરસિંહના મોંઢામાંથી અનાયાસે શબ્દો સરી પડ્યા, "ભૂત? અને તો ય તારામાં આટલી બધી સંવેદના?" એના ચહેરા ઉપર કડવાશ પ્રગટી, "ભૂત છું, માણસ થોડો છું?" એટલું કહીને એ ચાલતો થયો. જોરાવરસિંહની નજર ત્યાં જ ખોડાઈ રહી.

mtabuch150@gmail.com

# ભ્રષ્ટાચારનું તો મીઠા જેવું છે, ખારુંય ખરું ને મીઠું પણ

**નખરાળી જિંદગી** — નિયતી કાપડીયા



જે દેશ લાંચ, રુશ્વત અને ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યો હોય ત્યાં બધો વાંક ત્યાંની પ્રજાનો જ છે. હવે આમ ભડકો નહીં ભઈ, પ્રજા એટલે એમાં તમે અને હું બધાય આવી ગયા. તમને એમ લાગતું હોય કે ફલાણી જગ્યાએ જે આવીને બેસે એને ઘી કેળા છે, તો એક વખત ફરી વિચાર કરી જુઓ, એ મલાઈદાર પોસ્ટ પર આવીને બેસનાર આવ્યો ક્યાંથી? અચાનક કોઈ પરગ્રહ પરથી તો નથી ટપકી પડ્યો ને?

ભ્રષ્ટાચાર કરનાર પણ આપણા જેવો જ અદનો માણસ છે. પદ મળતા જ જો એ વ્યક્તિ ક્યાંથી કેટલા મળી શકે એમ છે એનો તોડ કરતો થઈ જાય તો ક્યાંક વાંક એના ઘડતરનો છે. એ હોશિયારી અને કહેવાતા વ્યવહારનો છે જે એને આપણો આ સમાજ શીખવી ગયો છે. ક્યાંક ને ક્યાંક આપણે પણ એના મનમાં કોઈ સારું પદ મળે એટલે એ જગ્યાનો લાભ લઈ દેશનો શક્ય એટલો વિકાસ કરવાની ભાવનાને વિસરી જવામાં ભાગીદાર બન્યા છીએ.

મને એમ થાય કે જો દેશનો દરેક નાગરિક થોડીક હિંમત બતાવીને કોઈ પણ જાતની લાંચ આપવાની કે કોઈકની ઓળખાણ આપી એનું કામ જલદી કરાવી લેવાની ના કહી દે તો કેવી મજા આવે. બધા એવા જ છે, બધાએ એમનું ઈમાન વેચી કાઢ્યું છે એવી વાર્તાઓ બહુ કરી હવે સહેજ વિચારો કે તમે પોતે કેવા છો? તમારા કુટુંબની વ્યક્તિઓ કેવી છે? તમારા ભાઈબંધ, તમારી આસપાસના તમારા જાણીતા લોકો કેવા છે? એ લોકો એમના માર્ગ ઉપરથી ભટકી ગયા છે એવું તમને લાગે છે?

જો તમારા ઓળખીતા માણસો એમણે ક્યાંથી કેટલા પડાવ્યા એની વાતો કરતા પહેલા તમારા ચાલ્યા જવાની રાહ જોતા હોય, જો તમારી ગણતરી વેદિયા કે હોશિયારી ના હોય એવા માણસોમાં થતી હોય તો મારા માટે તમે એક આદર્શ નાગરિક છો. તમને બસ એક જ વિનંતી કે તમે જેવા છો એવા જ બની રહેજો અને ભલે લોકો તમારી પીઠ પાછળ ગમે તે કહે તમે બીજાને પણ તમારે રંગે રંગવાનો પ્રયત્ન આજીવન ચાલુ રાખજો.

મને હંમેશા એવું લાગે છે દુનિયા આપણને દેખાય છે એટલી ખરાબ નથી. મુઠ્ઠીભર નક્કામા માણસો, બેઈમાન માણસો કે ગુનાહિત માનસ ધરાવતા લોકોની સરખામણીમાં સારા માણસોની સંખ્યા ખૂબ વધારે છે. જો આ બધા જ સારા માણસો નક્કી કરી લે કે હવે આ ખોટું હું નહીં ચલાવી લઉં અને અવાજ ઉઠાવે તો આ દેશ જ નહીં આખી દુનિયા બદલાઈ શકે છે.

હમણા થોડા દિવસ પહેલાની જ વાત છે, મારા સાસુ એમની બે સખીઓ સાથે રિક્ષામાં જઈ રહ્યાં હતાં ત્યાં એમણે જોયું કે એક વીસેક વરસનો છોકરો બાઈક ઉપર પલાઠી વાળીને બેઠો હોય એમ બેસીને એક હાથે બાઈક ચલાવતો હતો. એના બીજા હાથમાં ફોન હતો અને એ કદાચ કોઈ વિડિયો રેકોર્ડ કરી રહેલો. એક બહેને કહ્યું, "જુઓને આ આજના છોકરાઓ, બળી થોડીક લાઈક્સ ઉઘરાવવા કેવા કેવા ધતિંગ કરે છે." એમની વાત સાંભળીને બાજુમાં બેસેલા મારા સાસુએ એ તરફ જોયું અને તરત રિક્ષાવાળાને કહે થોડી ઝડપ કર અને પેલાની પાસે લઈલે. જેવી રિક્ષા એ બાઈકસવારની લગોલગ આવી મારા સાસુએ મોટા અવાજે બૂમ પાડી, એ ભૈ, મરવાનો થ્યો છું? આવી રીતે વાહન હંકારાય? સીધો બેસ અને ફોન ગજવામાં મુક. પેલો બાઈક વાળો કહે, "તમારે શું છે આન્ટી? તમે તમારું કામ કરોને!" મારા સાસુ કહે, સરખો બેસ નહીંતર હાલ જ પોલીસને ફોન કરું છું. એ છોકરો હસવા લાગ્યો. રિક્ષામાં સવાર ત્રણેય મહિલાએ એ છોકરાને કડક શબ્દોમાં સરખી રીતે વાહન હંકારવાનું કહ્યું, મારા સાસુએ એનો વિડિયો બનાવી ફેસબુક પર મુકવાની ધમકી આપી અને તરત પેલાએ, કદાચ કંટાળીને, પણ એમની વાત માનવી પડી.

એ રસ્તેથી પસાર થનારા તો કેટલાય હતાં. કેટલા બધાએ જોયું હતું કે પેલો છોકરો અકસ્માત થાય એવું વર્તન કરી રહ્યો હતો પણ કોઈને એને રોકવામાં રસ જ નહોતો. એની જિંદગી છે એને જે કરવું હોય તે કરે આપણે કેટલા ટકા? આપણાં સૌની માનસિકતા જ આવી થઈ ગઈ છે. મારા સાસુ શિક્ષક તરીકે હમણાં થોડા વરસ પહેલાં જ નિવૃત્ત થયા અને એમણે નોકરીમાંથી નિવૃત્તિ ભલે લીધી પણ પેલું શિક્ષકપણું હજી એમનાથી છૂટ્યું નથી એટલે જ એ પેલા છોકરાને ગલત કરતો જોઈ એને અટકાવવા બોલી ઉઠ્યા.

મને થાય કે અમે લોકો અમારા શિક્ષકોને જેટલો આદર આપતા હતા એટલો આદર આ અત્યારના બચૂડાઓ આપે છે ખરા? ક્યાંક તો કહેશે શિક્ષકોને ટ્યુશન કરીને રૂપિયા કમાવવા જ રસ છે, કોઈ સારી રીતે ભણાવતા નથી. જો કે એમની વાત સાવ ખોટીય નથી અને સડાની શરૂઆત કદાચ અહીંથી થાય છે એ પાસુ પણ વિચારી શકાય. પાછો વિચાર આવે કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત કરતા શિક્ષક આવે છે તો આ જ સમાજમાંથી ને. એ લોકોએ બાળકોને સાચા રસ્તે વાળવાનું, એમને સહી અને ગલત વચ્ચેનો ફરક સમજાવવાનું અચાનક તો બંધ નહીં કર્યું હોય.

એક સારો શિક્ષક, એક સારો પોલીસવાળો, એક સારો ડૉકટર કે એક સારો અધિકારી, નેતા, ડ્રાઈવર, કામદાર વગેરે આપણે આપણાં ઘરમાંથી જ આપવાની શરૂઆત કરીએ તો કેટલું સરસ. તો આ દેશ જરૂર બદલાઈ શકે. ટીંપે ટીંપે સરોવર ભરાઈ શકે છે તો એક એક કરીને સારા અને સાચા માણસોની જમાવટ કરી આખો દેશ પણ ભરી જ શકાય ને? વિચાર કરો, અમ લેખકોનું કામ છે તમારી આગળ કંઈક એવું પીરસવાનું કે જે વાંચીને તમે વિચાર કરતા થાઓ. પછીથી અમલ કરતા થાઓ અને એમ કરતાં કરતાં એક ક્રાંતિની શરૂઆત થાય...

શબ્દોની મર્યાદા નડે છે અને આ વિષય એવો છે કે કહેવાનું ઘણુંય છે એટલે હાલ પૂરતી અહીંયા વિરામ લઉં છું.

**અમસ્તું,**

એક નાનકડો દીવો ગમે તેવા ઘટ્ટ અંધકારને દુર કરી શકે છે.